GJSK030017362025

628

**પ્રાંતિજના એડી.ચીફ.જ્યુડી. મેજીસ્ટ્રેટ(શ્રી એસ.એમ.શુકલ )સાહેબશ્રી ની કોર્ટમાં, મુ.પ્રાંતિજ.**

**ફો.કે.નં. ૧૪૭૨ / ૨૦૨૫**
**આંક– ૬**

**ફરીયાદી : શ્રીસરકાર**

**વિરુધ્ધ**

**આરોપી : દિપકકુમાર રમેશભાઇ ભીલ**
**રહે. બંબાવાસ પ્રાંતિજ તા.પ્રાંતિજ જી.સાબરકાંઠા**

**ગુનો :– પ્રોહીબીશન એકટની કલમ–૮૫(૧), ૬૬(૧)બી મુજબ.**

**–:ઠરાવ :–**

૧. આ કામના ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ વગર પાસ પરમીટે દારૂ પીધેલી હાલતમાં જાહેરમાં લથડીયા ખાતો બકવાટ કરતો મળી આવી પકડાઈ જઈ પ્રોહી એક્ટની કલમ–૮૫(૧),૬૬(૧)બી મુજબનો ગુન્હો કરેલ હોય તેને અટક કરી પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરેલ છે.

૨. આ કામના આરોપી કોર્ટ સમક્ષ હાજર થતા તેમને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આ વી.

૩. ફરીયાદપક્ષના તહોમત મુજબ આરોપીએ આંક–૦૩ થી ગુના કબુલાત પુરસીસ આપેલ છે અને ગુનો કબુલ છે તેવુ જણાવે છે તેમજ આંક–૦૪ થી તહોમતનામુ તેમજ આંક–૫ થી આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતા આરોપીને વાંચી સંભળાવી સમજાવતા જવાબ લેવામાં આવતા ગુનો કબુલ છે તેવુ જણાવે છે. જેથી ઉપરોક્ત ગુનો આરોપી કબુલ કરશે તો તે અંગેની ગુનાની સજા અંગે જણાવવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ રાખતા હોઈ કબુલાત પુરસીસ રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત એવી છે કે તેમનો આ પ્રથમ

ગુનો છે. આ ગુનો કરવામાં તેમનો કોઈ ઈરાદો ન હતો અને ભવિષ્યમાં ગુનો કરશે નહી તેની ખાત્રી આપે છે.

વધુમાં નામદાર ઉચ્ચ અદાલતના ***સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર (૨૦૦૫) કા.લો.ઈ.૨૯૫૭***ના ચુકાદાના પ્રસ્થાપિત સિંધ્ધાત વં ચાણે લેવામાં આવેતો કોર્ટને એવુ જણાય કે કોર્ટને ઓછામાં ઓછી સજા કરતી વખતે આરોપીની પરિસ્થિતિ, આરોપીનો ગુનો તેમજ અન્ય સંજોગોનો વિચાર કરવો જોઈએ ત્યારે કોર્ટ આ અંગે યોગ્ય નિર્ણય લઈ ઓછામાં ઓછી સજા કરી શકે.

આ ગુના અંગેની જોગવાઈ તેમજ આરોપી ધ્વારા સ્વેચ્છાએ કબુલાત કરવા માગતા હોય ત્યારે હાલના ગુના પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૭૧(૨) અન્વયે પ્રોહી. એકટની કલમ-૮૫(૧), ૬૬(૧)બી મુજબના ગુના સબબ દોષીત ઠરવી રૂ.૧૦૦/- (અંકે રૂપિયા સો પુરા) નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી ઉપરોકત દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન-૨ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૧૪ મી માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૧૪/૦૩/૨૦૨૬
મુ.પ્રાંતિજ.

( સ્નેહલ મુદુલભાઇ શુકલ )
એડી.ચીફ.જયુડી. મેજીસ્ટ્રેટ ., પ્રાંતિજ.
(જજ કોડ નં.૦૧૩૮૩ )